પાન નં. ૭

આરોપી તર્ફે ફરીયાદી દુદાભાઈ પુંજાભાઈ પીપરોતરની આંક–૪ની સરતપાસ લગત ઉલટ તપાસ વિ.વ.શ્રી ડી.કે.રાજદેવ
સોગંધ આપ્યા

(૧) મારા પરિવારમાં કુલ ૭ સભ્યો છે. એ વાત ખરી છે કે, કમાવાવાળા સભ્યોમાં હું એક માત્ર છું. મારા છોકરા ખેતી કામ કરે છે. મારી ખેતીની જમીન હળવદ તાલુકાના ઘનશ્યામપુરગામે ૬૦ વીઘા જમીન આવેલ છે. તે ઉપરાંત મારી ખેતીની જમીન હળવદ તાલુકાના ચિત્રોડીગામે ૫૦ વીઘા જમીન આવેલ છે. આ ખેતીની જમીનમાં વર્ષમાં ત્રણવાર ઉપજ લઈએ છીએ. એ વાત ખરી છે કે, મારી ખેતીની ઉપજ ખૂબ જ વધુ પ્રમાણમાં થાય છે. અમે ત્રણ મોસમમાં મગફળી, ઘઉં અને બાજરી વાવીએ છીએ. કયારેક કયારેક અમે ડુંગળી અને દાડમનો પાક પણ લઈએ છીએ. એ વાત ખરી છે કે, એ હું જાણુ છુ કે, ગામ નમુના નંબર ૮–અ માં ખેતીની ઉપજની વિગતમાં પાકના નામો લખેલ હોય છે. એ વાત ખરી છે કે, મારી આંક–૧ ની ફરીયાદની સાથે મેં મારા ખેડૂત હોવા અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. હું મારી ત્રણ સીઝન પાક લઉ છું તેનો કોઈ હિસાબ કિતાબ નિભાવતો નથી. અમે અમારી ખેતીની ઉપજ જુદા જુદા વેપારીઓને વેચીએ છીએ. હું કુલ કેટલા વેપારીઓને મારી ઉપજનો માલ વેચુ છું તે કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, હું મારી ખેતીની હિસાબ કિતાબની વિગતો રાખતો ન હોવાથી હું કેટલા વેપારીઓને મારી ખેતીની ઉપજ વેચું છું તે મને યાદ રહેલ ન હોવાથી હું તે જણાવી શકું તેમ નથી. એ વાત ખરી છે કે, મારી ખેતીની ઉપજ ૮ થી ૧૦ ખટારામાં ભરીને વેચાણ માટે મોકલું છું. તે ખેત ઉપજનું વજન વે–બ્રીજ પર કરવામાં આવે છે. એ વાત ખરી નથી કે, વે–બ્રીજ ઉપર વજન કરાવતી વખતે ખરીદનાર તથા વેચનાર બંનેના નામો લખાય છે. એ વાત ખરી નથી કે, વે–બ્રીજના બીલમાં જો વેચનાર અને ખરીદનારના નામ લખાયેલ ન હોય તો માલ કોને વેચ્યો છે તેની જાણકારી મળે નહી. એ વાત ખરી છે કે, આંક–૧૫ થી ૨૦ ના દસ્તાવેજી પુરાવા પર લખાયેલ લખાણ કાર્બન કોપી છે. એ વાત ખરી નથી કે, આંક–૧૫ ના દસ્તાવેજી પુરાવામાં વેચનારનાં કોલમમાં લખાયેલ મારું નામ તથા માલની જાતમાં ૬૦૦ મેં પાછળથી ભૂરા કલરની બોલપેનથી લખેલ છે. એ વાત ખરી નથી કે, આંક–૧૬ના દસ્તાવેજી પુરાવામાં વેચનારનાં કોલમમાં લખાયેલ મારું નામ તથા માલની જાતમાં ૫૫ર મેં પાછળથી ભૂરા કલરની બોલપેનથી લખેલ છે. એ વાત ખરી નથી કે, આંક–૧૭ના દસ્તાવેજી પુરાવામાં વેચનારનાં કોલમમાં લખાયેલ મારું નામ તથા માલની જાતમાં ૫ર૭ મેં પાછળથી ભૂરા કલરની બોલપેનથી લખેલ છે. એ વાત ખરી નથી કે, આંક–૧૮ના દસ્તાવેજી પુરાવામાં વેચનારનાં કોલમમાં લખાયેલ મારું નામ મેં પાછળથી ભૂરા કલરની બોલપેનથી લખેલ છે. એ વાત ખરી નથી કે, આંક–૧૯ના દસ્તાવેજી પુરાવામાં વેચનારનાં કોલમમાં લખાયેલ મારું નામ તથા માલની જાતમાં ૫૧૦ મેં પાછળથી ભૂરા કલરની બોલપેનથી લખેલ છે. એ વાત ખરી નથી કે, આંક–૨૦ ના દસ્તાવેજી પુરાવામાં વેચનારનાં કોલમમાં લખાયેલ મારું નામ તથા માલની જાતમાં ૫૪૪ મેં પાછળથી ભૂરા કલરની બોલપેનથી લખેલ છે. એ વાત ખરી નથી કે, હું મારી ખેતીની ઉપજ જેને વેચું છું તેને મેં આપેલ વજનવાળો તથા માલની વિગતવાળો માલ મળી ગયેલ છે તેવી કાચી ચિઠ્ઠી હું ખરીદનારને આપું છું. હું જેને માલ વેચું છું તેને મારો આપેલ વજન તથા માલની વિગતવાળો માલ ખરીદનારને મળી ગયેલ છે કે નહી તેની જવાબદારી ટ્રાન્સપોર્ટવાળાની હોય છે. મેં મારી ખેતીની ઉપજ

ટ્રાન્સપોર્ટવાળાને આપ્યા પછી ટ્રાન્સપોર્ટવાળાએ તે ખેતીની ઉપજ ખરીદનાર સુધી પહોચાડી દીધેલ છે તેવો કોઈ આધાર હું ટ્રાન્સપોર્ટવાળા પાસેથી મેળવતો નથી. એ વાત ખરી છે કે, મેં વેચેલ માલ ખરીદનારને પહોચ્યો છે કે નહી તે બાબત ટ્રાન્સપોર્ટવાળાએ તે ખેતીની ઉપજ ખરીદનાર સુધી પહોચાડી દીધેલ છે તેવો કોઈ આધાર હું ટ્રાન્સપોર્ટવાળા પાસેથી મેળવતો ન હોવાથી હું કહી શકું તેમ નથી. મને આંક–૨૧નો દસ્તાવેજી પુરાવો બતાવવામાં આવે તે જોઈને કહું છુ કે તે કોણે બનાવેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, આંક–૨૧ના દસ્તાવેજી પુરાવામાં વેચનાર તરીકે મારી તથા ખરીનાર તરીકે આરોપીની સહી નથી. એ વાત ખરી છે કે, આંક–૨૧નાં દસ્તાવેજી પુરાવામાં '' દર્શન '' ભાગીદારી પેઢી છે કે પ્રોપરાઈટર ફર્મ છે તેવી કોઈ વિગત મારી આંક–૧૩ની વૈધાનિક નોટીસ, આંક–૧ની ફરીયાદ, આંક–૪ના સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, હું આ કામનાં આરોપીને સને ૨૦૧૭ પહેલા મળેલ છું ત્યારબાદ કયારેય મળ્યો નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, હું સને ૨૦૧૭–૧૮ના વર્ષમાં આરોપીને મળેલ છું. એ વાત ખરી નથી કે, આ કામનાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં આ કામનાં આરોપીને ખોટા હેરાન પરેશાન કરવા માટે ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

ફેર તપાસ નથી.

તા.૨૭/૦૫/૨૦૨૫ — મારી રૂબરૂ

હળવદ

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ
હળવદ

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ હળવદ